## ચીખલીમાં ટ્રકની ટક્કર લાગતા સુરતની કાર ત્રણ વખત પલટી ગઇ



ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલીના હોન્ડ કાવેરી નદીના પુલ પર શુક્રવારની સવારના સમયે ટ્રક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. સુરતથી વલસાડ તરફ જઇ રહેલી એક મારુતિ બલેનો કાર નં જીજે-૦૫-જેઆર-૧૪૩૫ હોન્ડ કાવેરી નદીના પુલ ઉપર આવતા માતેલા સાંઢની જેમ પુરપાટ ઝડપે આવી રહેલી ટ્રકે કારને પાછળથી ટક્કર મારતા પુલ ઉપર જ કાર ત્રણ વખત ફરી જતા કારમાં મસમોટું નુકસાન થવા પામ્યું હતું. જોકે આ અકસ્માતમાં કારમાં સવાર સુરતના બે જેટલા લોકોનો આબાદ બચાવ થવા પામ્યો હતો. અકસ્માત સર્જાયા બાદ ટ્રક ચાલક ટ્રક મૂકી સ્થળ ઉપરથી ફરાર થયો હતો. અકસ્માતને પગલે પુલ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઇ હતી. બનાવ અંગે જાણ થતાં સ્થાનિક પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી જઇ ટ્રાફિકને નિયંત્રિત કરીને વાહન વ્યવહાર પ્રવર્ત કરાવ્યો હતો.

**નવસારી મનપાના વેરા વિભાગનું બાકી વેરાની રકમ વસૂલવા અભિયાન તેજ બનાવી દીધું**

# વેરા ચૂકવો, નહીં તો મિલકતને તાળા

**નવસારી** પાલિકાની કડક કાર્યવાહી, મિલકતદારોને તાળા, પાણી-ડ્રેનેજ બંધ કરવાની ચેતવણી

**રહેણાંક** અને વાણિજ્યિક બાકીદારોને પાલિકા દ્વારા તાત્કાલિક ચુકવણી કરવાની નોટિસો પાઠવાઇ



નવસારી : નવસારી મહાનગરપાલિકાના વેરા વિભાગે શહેરમાં બાકી રહેલા વેરાની રકમ વસૂલવા માટે અભિયાનને વધુ તીવ્ર બનાવી દીધું છે. લાંબા સમયથી વેરો નહીં ચૂકવનારા રહેણાંક અને વાણિજ્યિક બાકીદારોને પાલિકા દ્વારા તાત્કાલિક ચુકવણી કરવાની નોટિસો પાઠવવામાં આવી રહી છે.

વેરા વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ, પાલિકા દ્વારા પ્રાથમિક તબક્કે કેટલાક બાકીદારો સામે કાર્યવાહી શરૂ કરી દેવાઈ છે. જો બાકી રકમ ઝડપથી નહીં ચૂકવાય તો મિલકત પર તાળાં મારવા, જળ પુરવઠો બંધ કરવા, તેમજ ડ્રેનેજ સેવા સ્થગિત કરવાની કાર્યવાહી અમલમાં મૂકવામાં આવશે. પાલિકા તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે શહેરની નાણાકીય વ્યવસ્થા ચાલતી રહે અને વિકાસ કાર્યો અવિરત રહી શકે તે માટે આવી કડક કાર્યવાહી ફરજિયાત બની છે. નવસારી પાલિકાએ નાગરિકોને ચેતવણી આપતા જણાવ્યું છે કે, જેઓના વેરા બાકી છે તેઓ તરત જ પાલિકાના વેરા વિભાગમાં સંપર્ક કરી રકમ ચૂકવી દે, જેથી આવનારા દિવસોમાં કોઈ પ્રકારની કાર્યવાહી, દંડ કે સેવાઓ બંધ થવા જેવી સ્થિતિનો સામનો ન કરવો પડે.

શહેરની રોજિંદી સુવિધાઓ જેમ કે સફાઈ, લાઈટીંગ, રોડ મેઈન્ટેનન્સ, પાણી પુરવઠો, અને અન્ય નાગરિક સેવાઓ સમયસર ચાલી શકે તે માટે વેરાની વસૂલાત અત્યંત મહત્વપૂર્ણ ગણાય છે. પાલિકા તંત્રનું કહેવું છે કે બાકીદારો સામેનો આ અભિયાન હવે વધુ ગતિ સાથે અમલમાં મૂકાશે અને જરૂરી હોય ત્યાં કડક પગલા લેવામાં આવશે.



## ડાંગમાંથી ગેરકાયદે 7 બળદ લઈ જતા 4 ઝડપાયા

**સુબીરનાં** બારીનાઆંબાથી મંડીમાં લઈ જતા બળદો સાથે આરોપીઓની આહવા પોલીસે અટકાયત કરી

સાપુતારા : ડાંગ જિલ્લા સુબીર તાલુકાનાં માળગા ગામથી બીલબારી ગામની વચ્ચે આવેલા બારીનાઆંબાથી ગેરકાયદે મંડીમાં લઈ જતા 7 બળદો સાથે આરોપીઓની આહવા પોલીસે અટકાયત કરી છે.

કાયદામાં સંઘર્ષમાં આવતા એક કિશોર સહિત 5 વ્યક્તિઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવેલી છે. આહવા પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ, ગૌરક્ષકોએ પોલીસને વર્ધી બાતમી આપી હતી કે, ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાનાં માળગા ગામથી બીલબારી ગામની વચ્ચે આવેલા બારીના આંબામાં બે ઇસમો સાત બળદો સાથે માળગા ગામથી નકટ્યાહનવત નાકા સુધી લઇ જઈ રહ્યા હતા. ત્યારે આહવા પોલીસે પહોચી સુરેશભાઈ સોમાભાઈ પવાર (ઉ.વ-36 રહે.માળગા ગામ હનુમાન મંદિર ફળીયુ તા. સુબીર જી.ડાંગ) તથા શુકરભાઈ બાજુભાઈ સુર્યવંશી (ઉ.વ.-32 રહે.માળગા ગામ હનુમાન ફળીયુ તા.સુબીર જી.ડાંગ) ને બળદ ક્યાંથી લાવેલા તે બાબતે પુછતા તેઓએ જણાવેલું કે, માળગા ગામે નાંદનપેડા ગામના આકીલભાઈ નઝીરભાઈ વાની તથા તેમના 14 વર્ષીય છોકરો (કાયદાના સંઘર્ષમાં આવતો કિશોર) તથા હસનભાઈ જુમ્માભાઈએ નાદનંપેડાથી સાત બળદો લઈને તેમના ઘરે આવેલા હતા અને આ સાત બળદો વારસા ખાતે રહેતા છોટેભાઇને ઘરે લઈ જવાના હોવાનં જણાવતા સુરેશભાઈ અને શુક્કરભાઈ વારસા (મહારાષ્ટ્ર) ખાતે સાત બળદો લઇ જતા હતા. તે વખતે માળગા ગામથી આગળ બારીનાઆંબા પાસે ગૌ-રક્ષકોએ ઉભા રાખ્યા હતા. ત્યારે પોલીસે 3 આરોપીઓની અટકાયત કરી છે. તેમજ કુલ 70 હજાર રૂપિયાની કિંમતના બળદ પણ પોલીસે કબ્જે કરેલા છે. હાલમાં આહવા પોલીસ મથકે આ અંગેનો ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલી છે.

# વાપીના પૂર્વ વિસ્તારમાં વિકાસ કાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

**આગામી** 15 એપ્રિલ સુધીમાં રસ્તાના કામો પૂર્ણ કરી દઈશું તે મુજબનું આયોજન કરાયુ છે: કનુભાઈ દેસાઈ



વાપી : રાજ્યના નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ ડુંગરા ખાતે હરિયા પાર્કમાં વાપીના પૂર્વ વિભાગમાં વિવિધ વિકાસના કુલ રૂપિયા 32.85 કરોડના 24 કામનું ખાતમુહૂર્ત અને કુલ રૂપિયા 10. 22 કરોડના ખર્ચે 7 કામનું લોકાર્પણ કર્યુ હતુ.

આ પ્રસંગે મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, વાપી મનપા ઝડપથી વિકાસના કામો કરી રહી છે, જે બદલ કમિશનર યોગેશ ચૌધરી અભિનંદનને પાત્ર છે. આજે જે કામોનું ખાતમુહૂર્ત થયુ છે, તે કામો આગામી ત્રણથી ચાર માસમાં પૂર્ણ થઈ જશે. ગટરની સફાઈ અને અંડરગ્રાઉન્ડ ડ્રેનેજની સફાઈ માટે ચાર મશીનનું લોકાર્પણ કરાયું છે. તેનાથી સફાઈ થવાથી ગટરો ઉભરાવાની કે પાણી જામ થવાની સમસ્યા રહેશે નહી. બલીઠાના અંડરપાસની ઘણા સમયથી રાહ જોવાઈ રહી છે તે વહેલી તકે ચાલુ થઈ જશે. આ સિવાય જે ટાઈપ બ્રિજ પણ ટૂંકા દિવસમાં ચાલુ થઈ જશે. મેઈન ઓવરબ્રિજનું કામ પણ ઝડપથી ચાલુ થઈ ગયુ છે. મારા લેવલે દરેક કામોનું મોનિટરીંગ થઈ રહ્યુ છે. 15 એપ્રિલ સુધીમાં રસ્તાના કામો પૂર્ણ કરી દઈશું. વાપી મહાનગરપાલિકા દ્વારા રૂપિયા 3 કરોડના ખર્ચે ચાર નંગ ચેસીસ માઉન્ટ સક્શન કમ જેટિંગ મશીનને મંત્રીના હસ્તે લીલીઝંડી આપી લોકાર્પણ કરવામાં આવ્યા હતા. વાપી પૂર્વ વિસ્તારમાં માર્ગો ઉપર ડેકોરેટીવ પોલ હેરીટેજ બ્રેકેટ, એલઈડી લાઈટ, આઈકોનિક રોડ અને આરસીસી રોડ સહિતના કુલ 24 કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જે માટે રૂપિયા 32 કરોડ 85 લાખની ફાળવણી કરવામાં આવી છે જ્યારે રૂપિયા 10 કરોડ 22 લાખના ખર્ચે નવા બનાવાયેલા વાપીના મહત્વના 7 માર્ગોનું લોકાર્પણ કરાયુ હતું. આ પ્રસંગે વાપી વીઆઈએ પ્રમુખ સતિષ પટેલ, જિલ્લા ભાજપ મહામંત્રી શિલ્પેશ દેસાઈ, વાપી તાલુકા સંગઠન પ્રમુખ સમય પટેલ, વાપી પાલિકાના માજી પ્રમુખ પંકજ પટેલ, પરેશ દેસાઈ, પારૂલ દેસાઈ, વાપી મ્યુનિસિપલ કમિશ્નર યોગેશ ચૌધરી, ડેપ્યુટી કમિશ્નર આસ્થા સોલંકી સહિત મોટી સંખ્યામાં સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા.

# જોડીયા માસુમ બાળકોને શિક્ષિકાએ લાકડીથી ફટકાર્યા

**ઉમરગામની** ખાનગી શાળાની બાલવાટિકાનો મામલો પોલીસ મથકે પહોંચ્યો

**અગાઉ** બે મહિના પહેલા પણ એક વિદ્યાર્થીને માર માર્યો હતો, તેમ છતાં પ્રિન્સિપાલ-શાળા સંચાલકોએ પગલાં ન લેતા રોષ



ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામની એક ખાનગી શાળામાં બાલવાટિકામાં અભ્યાસ કરતા બે માસુમ બાળકને શિક્ષિકાએ લાકડીથી ફટકારી ઈજા કરતા વાલીઓમાં રોષ વ્યાપી ગયો હતો અને આ સમગ્ર મામલે શાળા સંચાલકો સહિત પોલીસને જાણ કરવામાં આવી છે. માર મારનાર શિક્ષિકા વિરુદ્ધ પગલાં લેવા માંગ કરવામાં આવી છે.

ઉમરગામની ગાંધીવાડી ગુલશન નગરમાં સુનિલ રામબ્રિજ તેના પરિવાર સાથે રહે છે. તેના બે જુડવા બાળક ઉમરગામ ગાંધીવાડી પ્રગતિનગરમાં અંજલી ઈંગ્લીશ સ્કૂલમાં બાળવાટીકા (બાળમંદિર) માં અભ્યાસ કરે છે. ગતરોજ તેના બંને બાળકો સ્કૂલમાં ગયા હતા અને શાળા છૂટ્યા બાદ ઘરે પરત આવતા તેમના પગમાં ઈજાના નિશાન દેખાતા પૂછપરછ કરતા બાળકોએ સ્કૂલની કવિતા મેડમ તથા તેમની સાથેની એક બીજી શિક્ષિકા મેડમે લાકડી (દંડા) વડે માર માર્યો હોવાનુ જણાવ્યું હતું. લાકડીના મારથી આ બંને બાળકને પગમાં ઇજા પહોંચી હોય હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. આ સમગ્ર મામલે પ્રિન્સિપાલને જાણ કરવામાં આવી હતી. અગાઉ બે મહિના પહેલા પણ એક 11 વર્ષના વિદ્યાર્થીને માર મારવામાં આવ્યો હતો. પ્રિન્સિપલ પાસે રજૂઆત કરવા જઈએ તો પ્રિન્સિપાલ ખૂબ જ ખરાબ દૂરવ્યવહાર કરે છે અને રજૂઆત સાંભળતા નથી તેવો આક્ષેપ વાલીઓ દ્વારા કરવામાં આવ્યો છે.

આ મામલે ઉમરગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપવામાં આવી છે અને બાળકોના પગ ઉપર થયેલી ઇજાના ફોટો તથા મેડિકલ રિપોર્ટ પણ પોલીસને સુપ્રત કરવામાં આવ્યો છે. જિલ્લામાં શિક્ષણ વિભાગમાં પણ જાણ કરવામાં આવી છે. હાલ તો આ ઘટનાને લઈને શાળાના સંચાલકો સામે તથા બાળકોને માર મારનાર શિક્ષિકા સામે વાલીઓમાં વ્યાપક રોષ જોવા મળી રહ્યો છે. પગલા ભરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વલસાડના તીઘરા ગામે ભીલ ચોકની સ્થાપના કરવામાં આવી



વલસાડ : મહાન ક્રાંતિકારી તંત્યા મામા ભીલના શહીદ દિવસ નિમિત્તે વલસાડના તીઘરા ગામે પહાડ ફળિયામાં તંત્યા મામાં ભીલ ચોકનું નામકરણ ડો.નિરવ ભુલાભાઇ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત ગ્રામજનોને સંબોધતા ડો.નિરવ પટેલે જણાવ્યુ હતું કે, આપણા મહાન ભારત દેશની પવિત્ર ભૂમિ પર અનેક મહાન વીર ક્રાંતિકારી લોકોએ જન્મ લીધો છે અને દેશ માટે મરી ફીટ્યા છે. તેઓની પાસેથી આપણે અચૂક પ્રેરણા લઇ પ્રખર દેશભક્ત અને સમાજસેવક બનવું જોઈએ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તીઘરાના સામાજિક આગેવાન મૂકેશ પટેલ, સવિતાબેન, રજનીશ કાલુ વગેરેએ ખુબ મહેનત કરી હતી.

### બીલીમોરાના નવનાથ ધામમાં શ્રી દત્ત જયંતિ મહોત્સવની ઉજવણી



કેરસી બારીયા

બીલીમોરા : બીલીમોરા દેવસર ખાતે આવેલા નવનાથ ધામ ખાતે છોટેદાદાના સાંનિધ્યમાં શ્રી દત્ત જયંતી મહોત્સવની ભવ્ય ઉજવણી થઇ હતી. આ અવસરે નવનાથ ધામ ખાતે થયેલા શ્રી દત પાદુકા મહાપૂજનના આયોજનમાં લાલ રંગના વસ્ત્રો ધારણ કરીને હજારો ભક્તોએ ગુરુ સાનિધ્યમાં સમૂહ પૂજા કરી હતી. પંચ ભેષ મહોત્સવના ભાગ રૂપે છોટેદાદાએ ભગવાન શ્રી દત્તાત્રેયનું અનુષ્ઠાન કર્યું હતું. આ અનુષ્ઠાન દરમિયાન ભગવાન દત્તાત્રેયની પ્રતિમાને મનોભાવથી પાંચ ગુરુવાર અલગ અલગ શણગાર કરવામાં આવનાર છે. શ્રી દત્ત જયંતિ મહોત્સવ નિમિત્તે ભગવાન દત્તાત્રેયને લાલ રંગના વસ્ત્રોથી શણગાર કરવામાં આવ્યો હતો. સૌ ભક્તો પણ લાલ રંગ વસ્ત્રો પહેરીને પૂજા કરી હતી. આ પ્રસંગે છોટેદાદાએ તેમના પ્રવચનમાં શ્રી દત્ત મહિમા સમજાવતા જણાવ્યું હતું કે, શ્રી દત્ત પાદુકા મહાપૂજન મનોકામના પૂર્ણ કરનારું છે. પ્રવચન બાદ સૌ હજારો ભક્તોએ શ્રી દત્ત ભગવાનની આરતી કરી હતી. તેમજ નવનાથ ધામમાં ઉપસ્થિત ભક્તો માટે લાલ ભંડારા રૂપે ભગવાન શ્રી દત્તાત્રેયને પ્રિય ઝાલર રીંગણ-બટાકા-ટામેટાનું શાક, ગાજરનો હલવો, મોહનથાળ, નાગલીના રોટલા, લસણની ચટણી, દાળ, ભાત અને પાણીની બોટલ મહાપ્રસાદ રૂપે પીરસવામાં આવી હતી. પંચ ભેષ મહોત્સવના અંતિમ ગુરુવાર તા. 18 ડિસેમ્બરના રોજ નવનાથ ધામ ખાતે શ્રી ચૈતન્ય દત્તાત્રેય યજ્ઞનું આયોજન કરવામાં આવેલું છે.

### આદિવાસી સંસ્કૃતિ બચાવ સેના ગોરખડાનું પ્રાંતને આવેદનપત્ર

ધરમપુર : ધરમપુર પ્રાંતને આદિવાસી સંસ્કૃતિ બચાવ સેના ગોરખડા દ્વારા કલેક્ટરમાં ચોપડે લખાયેલા હોય એવા જ ખ્રિસ્તીઓને નાતાલની ઉજવણી કરવા બાબતે લેખિતમાં આવેદનપત્ર રજૂ કર્યું હતું. રજૂઆતમાં ખ્રિસ્તી ધર્મના લોકો અમારા ગોરખડા ગામમાં ડિસેમ્બર મહિનામાં નાતાલના કાર્યક્રમો કરતા હોય છે. આ નાતાલના કાર્યક્રમ દ્વારા આદિવાસીઓના મૂળ સંસ્કૃતિ, મૂળ પરંપરાથી અલગ કરી આદીવાસીઓને નષ્ટ કરવાનું, સમાપ્ત કરવાનું ખુબ મોટું ષડયંત્ર ચલાવી રહ્યા છે. જે ખુબ જ ગંભીર બાબત છે. આદિવાસી સંસ્કૃતિ બચાવ સેના કોઈપણ ધર્મ પ્રત્યે ભેદભાવ રાખતા નથી. દરેક ધર્મનું માન-સન્માન કરીએ છે. કલેક્ટરના ચોપડામાં કાયદેસર રીતે ખ્રિસ્તી નોંધાયેલા હોય અને ખ્રિસ્તી ધર્મ પાળતો હોય અને સાચો ખ્રિસ્તી હોય તો તેમને નાતાલની મંજુરી આપવામાં આવે એવી માંગ કરાઇ છે.

### રાણી ફળિયામાં રક્તદાન કેમ્પ યોજાયો



નિલેશ કાપડિયા

વાંસદાઃ વાંસદા તાલુકાના રાણી ફળિયા ગામે વનચેતના કેન્દ્ર ખાતે વલસાડ ઉત્તર વનવિભાગ તેમજ વાંસદા પૂર્વ, વાંસદા પશ્ચિમ, ચીખલી રેન્જ દ્વારા આયોજિત રક્તદાન કેમ યોજાયો હતો. આ કેમ્પમાં ૧૭ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આર.એફ.ઓ. ચેતન પટેલ સહિત વનવિભાગ ના અધિકારી અને રક્તદાતાઓ હાજર રહ્યા હતા.

## સેલવાસ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરેલા ઈસમનું મોત

વાપી : મહારષ્ટ્રના મનોરથી 108 ટીમ દ્વારા સેલવાસ હોસ્પિટલમાં સારવાર માટે લાવેલા ઈસમનું મોત નિપજ્યું હતું. મરનાર ઈસમના કોઈ વાલીવારસ મળી આવેલા નથી. આ બનાવ અંગે સેલવાસ પોલીસને જાણ કરવામાં આવી હતી. મહારાષ્ટ્રના મનોર રૂરલ હોસ્પિટલથી 108 એમ્બ્યુલન્સ સ્ટાફે ગત તા.1-11-25 ના રોજ સંઘપ્રદેશ દાનહના સેલવાસ નમો હોસ્પિટલમાં સારવાર માટે રાજકુમાર છોટેલાલ શાહ (ઉં.આ.45) ને એડિમટ કર્યો હતો. જેનું ગત તા.16-11-25 ના રોજ સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. લાશને કોલ્ડ રૂમમાં રાખવામાં આવેલી છે. મરનાર ઈસમના કોઈ વાલીવારસ મળી આવેલા નથી. મૃતકની ઊંચાઈ આશરે પાંચ ફૂટ ચાર ઈંચ, રંગે ઘઉંવર્ણ, મધ્યમ બાંધાનો છે. જો કોઈ વાલીવારસ હોય તો સેલવાસ પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવો.

# ડીજે બંધ કરવાના મુદ્દે બે પક્ષ વચ્ચે સળિયા-લાકડા ઉછળ્યાં

**વલસાડના** નનકવાડામાં બે પક્ષો વચ્ચે બબાલ બાદ બંને પક્ષની પોલીસ મથકમાં સામસામી ફરિયાદ

વાપી/વલસાડ : વલસાડ નનકવાડામાં ડી.જે. બંધ કરાવવા બાબતે બે પક્ષો વચ્ચે બોલાચાલી બાદ સળિયા, લાકડા અને પેવરબ્લોક ઉછળ્યા હતાં. બંને પક્ષોએ વલસાડ ટાઉન પોલીસ મથકમાં સામસામી પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

વલસાડ ટાઉન પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વલસાડ નનકવાડામાં રહેતો હર્ષ કિશોર પટેલ તા.30-11-25 ના રોજ પિતરાઈ ભાઈની સગાઈ હોવાથી ફેમીલી સાથે તિથલ સોલ્ટી રિસોર્ટમાં આવ્યા હતા. તે બાદ રાત્રીના સમયે ઘરે જતા હતા, ત્યારે નિર્મલ ટંડેલે ફોન કરીને જણાવ્યું કે, ડીજે કેમ બંધ કરાવેલું છે? કયાં છો? કહેતા હર્ષે કહ્યું હતું કે, ઘરે જાઉ છું. જે બાદ (1) ભૂમિક ઉર્ફે કાલુ કલ્યાજી પટેલ (રહે. કોસંબા) (2) નિર્મલ નારણ ટંડેલ (રહે. આંધિયાવાડ) (3) અંકિત પટેલ (રહે. નવીનગરી) અને (4) સાગર હાથમાં હોકી, બેટ, લાકડા, ફેટ, ચપ્પુ, બ્લોક લઈને નનકવાડા હરિદર્શન એપાર્ટમેન્ટના મેન ગેટ પાસે આવી પહોંચ્યા હતા અને બોલાચાલી કરી હતી. દરમિયાન હર્ષના પિતરાઈ ભાઈ કેયુર હરીશ પટેલ, જીગર પટેલ, માતા નીતાબેન પણ આવ્યા હતા અને સમજાવવા ગયા હતા ત્યારે સિમેન્ટના પેવરબ્લોક, હોકી અને લાકડા વડે મારામારી કરી હતી. જેમાં જીગર, કેયુર અને માતા નીતાબેન ઈજાગ્રસ્ત થતાં વલસાડ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા.

જ્યારે સામા પક્ષે નિર્મલ નારણ ટંડેલ (ઉં.35, રહે. આંધિયાવાડ, વલસાડ)પણ સગાઈ પ્રસંગમાં આવેલા હતા અને ડીજે પર સોંગ વગાડવાનું કહેતા હર્ષ ડી.જે.બંધ કરાવી નીકળી ગયો હતો.

જેથી નિર્મલે ફોન કરી હર્ષને ડી.જે. કેમ બંધ કરાવેલું છે. પૂછતા ઘરે આવો કહ્યું હતું. જેથી નિર્મલ તેના મિત્રો ભૂમિક ઉર્ફે કાલુ, અંકિત તથા સાગર સાથે ગયા હતા જ્યાં (1) હર્ષ (2) જીગર (3) કેયુર (4) યશેષે સળિયા, લાકડા વડે મારામારી કરી હતી અને ઢીક્કા મુક્કીનો માર માર્યો હતો. બંને પક્ષોએ વલસાડ ટાઉન પોલીસ મથકમાં સામસામી ફરિયાદ નોંધાવી હતી.

# સાંસદે લોકસભામાં કામદારોનો પ્રશ્ન ઉઠાવ્યો

**વાપીમાં** 500 બેડની અને સરીગામ-ઉમરગામમાં પણ ઇએસઆઈસી હોસ્પિટલ શરૂ કરવાની માંગણી



વલસાડ : હાલે ચાલી રહેલા સંસદના શિ યાળુ સત્ર દરમિયાન વલસાડ-ડાં ગ લોકસભા બેઠકના સાંસદ ધવલ પટેલે શૂન્યકાળ દરમિયાન દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક વિસ્તારમાં કામ કરતા લાખો શ્રમિકોના સ્વાસ્થ્ય સુવિધાનો મહત્વપૂર્ણ મુદ્દો ઉઠાવ્યો હતો.

સરીગામ અને ઉમરગામ જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં પણ ઈએસઆઇ સી હોસ્પિટલો શરૂ કરવામાં આવે તેવી માંગણી તેમણે મૂકી હતી, તેમણે કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયા સમક્ષ વાપીમાં અત્યાધુનિક તબીબી સુવિધાઓથી સુસજ્જ 500 બેડની અત્યાધુનિક ઈએસઆઈસી હોસ્પિટલ નિર્માણ કરવા માટે રજૂઆત કરી હતી. ઔદ્યોગિક વિસ્તારમાં આરોગ્ય સુવિધા ઓની અછત અંગે સાંસદ ધવલ પટેલે જણાવ્યું હતું કે, વલસાડ જિલ્લો એક આદિવાસી વિસ્તાર હોવા છતાં, વલસાડથી લઈને ઉમરગામ સુધીનો પટ્ટો એક મોટું ઔદ્યોગિક હબ છે. જેમાં ગુંદલાવ, પારડી, વાપી, સરીગામ અને ઉમરગામ જેવી પ્રમુખ ઔદ્યોગિક વસાહત આવેલી છે. આ ઉદ્યોગો ગુજરાત અને ભારતના વિકાસમાં મહત્વનો ફાળો આપી રહ્યા છે. અહીં સ્થાનિક આદિવાસી કામદારો ઉપરાંત મહારાષ્ટ્ર અને સમગ્ર ભાર તભરમાંથી આવેલા શ્રમિકો મોટી સંખ્યામાં રોજગારી મેળવી રહ્યા છે.

જોકે, આ વિસ્તારમાં કામદારોની સંખ્યાના પ્રમાણમાં આરોગ્ય સુવિધાઓ અપૂરતી છે. હાલમાં વાપીમાં માત્ર એક જ ઈએસઆઈસી હોસ્પિટલ કાર્યરત છે અને બાકીની માત્ર ડિસ્પેન્સરીઓ છે. જે વર્તમાન જરૂરિયાતને પહોંચી વળવા માટે સક્ષમ નથી, જેથી વાપીમાં 500 બેડની હોસ્પિટલનું નિર્માણ કરવું જરૂરી છે.

# બેકરી-દુકાન-મકાનના તાળાં તૂટ્યા

**કલસરમાં** ઠંડીની સીઝનમાં તસ્કરો સક્રિય, અગાઉ પણ અહીં ચોરીની ઘટના બની હતી

**સીસી** કેમેરામાં ચોર ત્રિકમ જેવા તીક્ષણ હથિયાર સાથે દેખાયો



અમૃત પટેલ

પારડી : પારડીના કલસર ખાતે આવેલી બેકરી શોપ, ઢોસાની દુકાન તેમજ એક બંધ મકાનના તાળાં તૂટ્યા હતા. આ અંગે મળતી માહિતી અનુસાર પારડી તાલુકાના કલસર ગામે બે માઈલ તરફ જતા રોડ ઉપર આવેલી ઉદવાડા ફૂડ્સ બેકરી શોપમાં ગતરાત્રિએ તસ્કરે શટરનું તાળું તોડવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે બેકરીમાં સુતેલા કારીગરે ફોન કરી પ્રજ્ઞેશભાઈને બેકરીનું તાળું કોઈ તોડે છે તેવું જણાવતા તેઓ સ્થળ ઉપર આવીને જોતા બેકરીનો સાઈડનું શટર ખુલ્લું હતું. બેકરીમાં ચેક કરતા લગાવેલી સીસી કેમેરાનો વાયર કપાઈ ગયેલા હોવાનું જાણવા મળ્યું હતું, પરંતુ બેકરીમાં ચોરી થઈ ન હતી. અગાઉ પણ અહીં ચોરીની ઘટના બની હોવાની લેખિત અરજી પારડી પોલીસ મથકે બેકરી સંચાલક કેવિન પટેલે કરી હતી. ઠંડીમાં તસ્કરો સક્રિય બનતા અન્ય એક દુકાન તથા એક બંધ મકાનના તાળાં તૂટ્યા હતા. સમગ્ર ઘટના સીસી કેમેરામાં ચોર ઈસમ ત્રિકમ જેવા તીક્ષ્ણ હથિયાર વડે દેખાયો હતો. આ અંગે પોલીસને જાણ કરતા સ્થળ પર દોડી આવી તપાસ કરી હતી.

## નવસારીમાં બે બાળકો સાથે ઘરેથી નીકળ્યા બાદ મહિલા લાપતા

નવસારીઃ દશેરા ટેકરી વિસ્તારમાંથી એક મહિલા બે નાના બાળકો સાથે ઘરેથી નીકળ્યા બાદ લાપતા થઈ છે. ફરહીન નવાઝ અઝીઝ ખલીફા (ઉંમર 30) પોતાની પુત્રી ફાઈઝા (ઉંમર 11) અને પુત્ર મહંમદ (ઉંમર 9) સાથે કોઈને જાણ કર્યા વગર ઘરેમાંથી નીકળી ગઈ હતી. ફરિયાદી તરીકે તેમના સગા નીલોફર અઝીઝ ખલીફા (ઉંમર 41, રહે. દશેરા ટેકરી તલાવડી) દ્વારા પોલીસને માહિતી આપવામાં આવી હતી. ચારપુલ ચોકીના અ.હે. કો. યાકૂબભાઈ દાયાભાઈને વધુ તપાસ સોંપવામાં આવી છે. જો ત્રણેય અંગે કોઈ માહિતી મળે તો નવસારી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરે.